# રેડિયો મારફતે દેશવાસીઓને મોદીનું સંબોધન

## દેશના લોકોમાં અપાર સામર્થ્ય, ક્ષમતા, કુશળતા છે : નરેન્દ્ર મોદી

નવી દિલ્હી,તા.૩

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે પ્રથમ વખત રેડિયો મારફતે દેશને સંબોધન કરતા દેશની સમૃદ્ધિ માટેની વાત કરી હતી. સાથે સાથે લોકોના કલ્યાણ માટે તેમની કુશળતાનો ઉપયોગ કરવાની વાત કરી હતી. મોદીએ ખાદીની પ્રોડક્ટના ઉપયોગની જરૂરિયાત ઉપર પણ ભાર મુક્યો હતો. પોતાનામા આત્મવિશ્વાસ વધારવાની તેમણે વાત કરી હતી. રેડિયો પ્રસારણને નિયમિત કરવાનું વચન આપતા મોદીએ નાગરિકો પાસેથી તેમના અભિપ્રાય માંગ્યા હતા. ૧૫ મિનિટના પોતાના ભાષણમાં મોદીએ તેમની ક્ષમતાને સમજવા અને તેનો ઉપયોગ કરવા લોકોને પ્રોત્સાહન આપ્યું હતું. દેશના દુરગામી વિસ્તારોમાં રહેતા લોકોનો સંપર્ક કરવા માટે મોદીએ આ મુજબની ઝુંબેશ હાથ ધરી હતી. નિરાશાને છોડી દેવા, પોતાના સામર્થ્ય, ક્ષમતા, કુશળતાનો ઉપયોગ દેશની સમૃદ્ધિ માટે કરવા અપીલ કરી હતી. અશક્ત થયેલા બાળકોના સંદર્ભમાં સમાજની જવાબદારીની પણ વાત કરી હતી. અમે અમારી શક્તિને ભુલી રહ્યા છીએ. આને ઓળખવાની જરૂર છે. સવા સો કરોડ દેશવાસીઓમાં અપાર સામર્થ્ય છે. આને ઓળખવાની જરૂર છે. આને યોગ્ય ઓળખ કરીને આગળ વધીશું તો વિજેતા સાબિત થઈશું. સ્વામી વિવેકાનંદની એક કથાનો પણ ઉલ્લેખ કર્યો હતો. આત્મસમ્માનની પણ તેમણે વાત કરી હતી.

આ શોનુ નામ મન કી બાત રાખવામાં આવ્યું છે. આ કાર્યક્રમ નિયયમિત રહેશે વડાપ્રધાન નિયમિત રીતે લોકો સાથે વાતચીત કરશે. લોકો પર પોતાના સંબંધોનમાં મોદીએ દેશની વિકાસ યાત્રામાં ભાગીદાર બનવા લોકોને અપીલ કરી હતી. દરેક વ્યક્તિ સુધી પહોંચવાની બાબતને લિને



મોદીએ ખુશી વ્યક્ત કરી હતી. રેડિયો મારફતે લોકો ખાસ કરીને દેશના ગ્રાણીણ અને ગરીબ લોકો સાથે તેઓ સંપર્કમાં રહેશે તેવી ખાતરી પણ તેમણે આપી હતી. રેડિયો પર રવિવારે ૧૧ વાગે તેઓ લોકો સાથે વાતચીત કરશે. દેશને નવી ઉંચાઈ પર લઈ જવાની મોદીએ વાત કરી હતી.દેશ દરેક વ્યક્તિનુ છે ગંદકીના દુષણને દુર કરવાની મોદીએ વાત કરી હતી. મોદીએ ઓછામાં ઓછી એક ખાદી ખરીદવા માટે પણ લોકોને અપીલ કરી હતી.

વિજયાદશમી પ્રસંગે મોદીએ દેશના લોકોને શુભેચ્છા પાઠવી હતી. એરે પહેલાથી જ તમામ પ્રાઈવેટ રેડિયો ચેનલને મફતમાં પીએમના ઓડિયો ફીડ અને વિજયુઅલ આપવાનો નિર્ણય કર્યો હતો. સંબોધન માટે વડાપ્રધાનના સત્તાવાર નિવાસસ્થાન ૭, રેસકોર્સ રોડ ખાતે રેકોર્ડિંગ પોઈન્ટની સ્થાપના કરવામાં આવી હતી. મોદીએ વિવિધ મુદ્દા પર વાત કરી હતી. જ્યારે દેશમાં માસ કોમ્યુનિકેશનના સાધનોનો અભાવ હતો ત્યારે આકાશવાણી મારફતે જ લોકો સુધી તમામ માહિતી પહોંચતી હતી. અલબત્ત હવે પહેલા દુરદર્શન, ત્યારબાદ પ્રાઈવેટ ટીવી ચેનલ અને હવે પ્રાઈવેટ એફએમ રેડિયોના લીધે સરકારી રેડિયોની લોકપ્રિયતા ઘટી ગઈ છે. તેની હાલત કફોડી છે. નેતાઓ પણ ટીવી મારકફતે ઝ તેમની વાત રજૂ કરવાની ઈચ્છા રાખે છે. જ્યારે રેડિયો એન્ટરટેઈનમેન્ટના નામે લોકો ખાનગી એફએફ ચેનલો સાથે જોડાઈ ગયા છે. આકાશવાણીની બ્રાન્ડ ઈમેજ નબળી થઈ છે પરંતુ હજુ પણ દેશમાં સૌથી વધારે તે એરિયાને કવર કરે છે. ઓલ ઈન્ડિયા રેડિયોનુ નેટવર્ક દેશના ૯૯.૨૦ ટકા વસ્તી સુધી છે. દેશના ૯૨.૬ ટકા વિસ્તારને તે કવર કરે છે. દેશના ૯૦ ટકા હિસ્સા સુધી નેટવર્ક ધરાવનાર દૂરદર્શન એઆઈઆરના ઓડિયા ફિડ પ્રસારિત કરવા તૈયાર છે.

## સ્વચ્છ ભારતના આમંત્રણને સલમાન ખાને સ્વીકારી લીધું

નવીદિલ્હી ,તા. ૩

બોલીવુડના સુપર સ્ટાર સલમાન ખાને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સ્વચ્છ ભારત પડકારને સ્વીકારી લઈને આમા મદદરુપ થવાની વાત કરી છે. મોદીએ ગઈકાલે સ્વચ્છતા પ્રત્યે એક વર્ષમાં ૧૦૦ કલાકનો સમય આપવા લોકોને અપીલ કરી હતી. બોલીવુડ સ્ટાર સલમાન ખાન, પ્રિયંકા ચોપડા, કમલ




હસન, કોંગ્રેસના શશી થરુરને જાહેર સ્થળો ઉપર સ્વચ્છતા અભિયાનમાં જોડાવવા મોદીએ અપીલ કરી હતી. ૪૮ વર્ષીય દબંગ સ્ટારે વડાપ્રધાનના આમંત્રણને સ્વીકારી લઈને ટ્વિટર ઉપર સ્પષ્ટતા કરી છે. સલમાને કહ્યું છે કે, તે અને તેની સંસ્થાએ વડાપ્રધાનનું આમંત્રણ સ્વીકારી લીધું છે. સ્વચ્છ ભારત માટે તેની સંસ્થા કટિબદ્ધ છે. ક્લિન ઈન્ડિયા ઝુંબેશને સફળ બનાવવા તમામ પ્રયાસ કરાશે. પ્રિયંકાએ પણ ટેકો આપ્યો છે અને કહ્યું છે કે, તે મોદીના પડકારનું સમ્માન કરે છે. સ્વચ્છ ભારત ઝુંબેશ ખુબ જ મહત્વપૂર્ણ છે. ગઈકાલે સ્વચ્છ ભારતની શરૂઆત કરવામાં આવી હતી જેમાં મોદીની સાથે ધૂમ-૩ના સ્ટાર આમિર ખાને પણ હાજરી આપી હતી. જુદા જુદા સ્કૂલી બાળકો અને સરકારી કર્મચારીઓ સફાઈ ઝુંબેશમાં જોડાયા હતા. દેશભરમાં આ ઝુંબેશ હવે ચાલનાર છે.

## કબડ્ડીમાં સર્વોપરિતા જારી : બંને વર્ગમાં ભારતે સુવર્ણ ચંદ્રક જીત્યા

ઈંચન,તા. ૩

એશિયન ગેમ્સમાં કબડ્ડીમાં ભારતે તેની સર્વોપરિતા ાજાળવી રાખવામાં સપળતા મેળવી છે. ભારતીય મહિલા ટીમે ગોલ્ડ જીતી લેવામાં સફળતા મેળવી હતી.ભારતીય મહિલા ટીમે સુવર્ણન ચન્દ્રક જીત્યા બાદ પુરૂષ ટીમ પણ પાછળ રહી ન હતી અને પુરૂષ ટીમે ઈરાન પર ૨૭-૨૫થી જીત મેળવીને ગોલ્ડ જીતી લેવામાં સફળતા મેળવી હતી. કબડ્ડીમાં ભારતીય મહિલા ટીમે સતત બીજી વખત ગોલ્ડ જીતી જવામાં સપળ રહી હતી. ભારતીય ટીમે ફાઈનલમાં ઈરાન પર ૩૦-૨૧થી જીત મેળવી હતી. ગુરૂવારના દિવસે સેમીફાઈનલમાં ભારતીય ટીમે થાઈલેન્ડ પર ૪૧-૨૮તી જીત મેળવી હતી. એસિયન ગેમ્સમાં ભારતનો શાનદાર દેખાવ જારી રહ્યો છે. ભારતે હજુ સુધી ૧૧ ગોલ્ડ



મેડલ જીત્યા છે. ગયા વખતની ચેમ્પિયન ભારતીય મહિલા ટીમે ફાઈનલમાં જોરદાર દેખાવ કર્યો હતો. ઈરાને જોરદાર પડકાર ફેંક્યો હતો પરંતુ ભારતીય ટીમે આક્રમક રમત રમી હતી. મેચમાં ભારતીય ટીમે ધીમી શરૂઆત કરી હતી. પરંતુ ટુંક સમયમાં ભારતીય ટીમની મહિલાઓ ફોર્મમાં આવી ગઈ હતી. ભારતીય ટીમ પ્રથમ હાફ બાદ ૧૫-૧૧થી આગળ ચાલી રહી હતી.

બીજા હાફમાં ભારતીય ટીમે પ્રભુત્વ જમાવીને જોરદાર દેખાવ કર્યો હતો. ભારતે મેચમાં બે વખત સમગ્ર વિરોધી ટીમને આઉટ કરી હતી. જેથી તેને ચાર પોઈન્ટ મળ્યા હતા. ઈરાન એક વખત પણ લોના પોઈન્ટ મેળવી શક્યુ ન હતુ. અંતમાં ભારતીય ટીમ ખુબ મજબુત સાબિત થઈ હતી અને ગોલ્ડ જીતી લેવામાં સફળતા મેળવી હતી. ભારતીય કબડ્ડી ટીમના શાનદાર દેખાવથી ભારતીય છાવણીમાં ખુશીનુ મોજુ ફરી વળ્યું હતુ. મહિલા કબડ્ડીની સ્પર્ધા એસિયન ગેમ્સમાં વર્ષ ૨૦૧૦માં સામેલ કરવામાં આવ્યા બાદ ભારતે સતત સારો દેખાવ કર્યો છે. વર્ષ ૨૦૧૦માં પણ ભારતીય ટીમે ગોલ્ડ મેડલ જીતી લેવામાં સફળતા મેળવી હતી.

## વિવિધ ભારતીની ૫૮મી વર્ષગાંઠની ઉજવણી થઈ

ઈન્દોર,તા. ૩

વિવિધ ભારતીની ૫૮મી વર્ષગાંઠની આજે ઉજવણી કરવામાં આવી હતી. જુદા જુદા કાર્યક્રમ પ્રસારિત કરવામાં આવ્યા હતા. ખાસ લોકપ્રિય કાર્યક્રમની શરૂઆત સવારમાં જ કરી દેવામાં આવી હતી. વિવિધ ભારતી સાથે જોડાયેલા કર્મચારીઓ પણ ભારે ઉત્સાહિત દેખાતા હતા. વિવિધ ભારતીના કેટલાક કાર્યક્રમ એવા રહ્યા છે જે કાર્યક્રમ આજે પણ લોકોના દિલોદિમાગ પર છે. બપોરે ૧૨ વાગે રેડિયો સખી મમતાસિંહની સાથે એસએમએસના બહાને વીવીએસ કે તરાનેમાં એવી ઈચ્છા લોકોની પૂર્ણ કરવામાં આવી હતી જે વર્ષોથી વિવિધ ભારતી સાંભળનાર લોકોને પસંદ છે. જ્યારે એક વાગે ફેવરીટ ફાઈવમાં ગાયક કૈલાશ ખેર પોતાની પસંદના પાંચ ગીતો રજૂ કરવા માટે દેખાયા હતા. જ્યારે બપોરે ૧-૩૦ વાગે સુરીલે ગીતો કે રંગ કાર્યક્રમ કિરકિરે દ્વારા રજૂ કરવામાં આવ્યો હતો. જ્યારે બપોરે ૨-૩૦ વાગે વિવિધ ભારતી મહેમાન ગુલજાર બન્યા હતા. આ કાર્યક્રમને એક અફસાને જેસી મુલાકાત નામ આપવામાં આવ્યું હતુ. બપોરે ૩-૩૦ વાગે પ્રેમ નામ હે મેરા મે પ્રેમ ચોપડા કાર્યક્મ રજૂ કરાયો હતો. ખાસ બાબત એ છે કે સાંજે ૭-૦૫ વાગે પ્રસારિત થયેલા જયમાલામાં અમિતાભ બચ્ચને સૈનિક ભાઈઓ માટે પોતાની પસંદગીના ગીતો રજૂ કર્યા હતા. રાત્રે આઠ વાગે લોકપ્રિય નાટિકા ઉદયપુર કી ટ્રેન હવામહેલ કાર્યક્મમાં રજૂ કરવામાં આવી હતી. મોદી પણ દર ૧૫ દિવસે આકાશવાણી મારફતે લોકો સાથે વાત કરશે.

## ચીનની કોઈ પ્રોડક્ટ ન ખરીદવા લોકોને મોહન ભાગવતનું સૂચન

નવીદિલ્હી ,તા. ૩

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના વડા મોહન ભાગવતે વિજયાદશમી પ્રસંગે આજે



આક્રમક સંબોધન કરીને વિવિધ મુદ્દા ઉઠાવ્યા હતા. દૂરદર્શન ઉપર પોતાના સંબોધનમાં ભાગવતે ગૌહત્યા અને માંસની નિકાસ ઉપર પ્રતિબંધ મુકવાની જોરદાર માંગ કરી હતી. સાથે સાથે ચીનના પ્રોડક્ટને ખરીદવાનું બંધ કરવા લોકોને અપીલ કરી હતી. આંતકવાદનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું હતું કે, કેરળ અને તમિળનાડુમાં જેહાદી ગતિવિધિઓ વધી ગઇ છે. તેમણે આક્ષેપ કર્યો હતો કે, પશ્ચિમ બંગાળ, આસામ, બિહારમાં બાંગ્લાદેશીઓની ગેરકાયદે એન્ટ્રીના કારણે લોકોને માઠી અસર થઇ રહી છે. હિન્દુ સમાજના લોકોના જીવન ધોરણને પ્રતિકુળ અસર થઇ છે. ભાગવતે ચાર મહિનાના ટૂંકા ગાળામાં રાષ્ટ્રીય સુરક્ષા, અર્થતંત્ર અને આંતરરાષ્ટ્રીય સંબંધો સાથે જોડાયેલા વિષયો ઉપર મોદી સરકાર દ્વારા કરવામાં આવેલી કામગીરી બદલ પ્રશંસા કરી હતી. સંઘના ૮૯માં સ્થાપના દિવસના પ્રસંગે પોતાના ભાષણમાં તેમણે કહ્યું હતું કે, સકારાત્મક સંકેતો મળી રહ્યા છે. જેથી લોકોમાં એવી આશા જાગી છે કે, આંતરરાષ્ટ્રીય મંચ ઉપર ભારત મજબૂત દેશ તરીકે ઉભરી રહ્યો છે. દુનિયાને ભારતની જરૂર છે. લોકોને એક નવી આશા દેખાઈ રહી છે. યાત્રા અને અમેરિકી સરકાર સાથે વાતચીત બાદ સમગ્ર દેશ ગર્વની લાગણી અનુભવ કરે છે. જમ્મુ કાશ્મીરમાં પુર બાદ કેન્દ્રના યોગદાન અને અન્ય મુદ્દાઓની પ્રશંસા પણ કરવામાં આવી હતી. વૈશ્વિક આતંકવાદના વિષય ઉપર ભાગવતે પશ્ચિમ એશિયાથી ઓઇલ ખરીદવા સાથે જોડાયેલા પશ્ચિમી દેશોના સ્વાર્થી હિતોની પણ વાત કરી હતી અને કહ્યું હતું કે, આના કારણે ઇસ્લામિક સ્ટેટની ગતિવિધિ વધી છે. આમા કોઇ શંકા નથી કે, મોટાભાગના દેશો આ દૂષણ સામે લડી રહ્યા છે. સંઘની સ્થાપના વિજયાદશમીના પ્રસંગે વર્ષ ૧૯૨૫માં નાગપુરમાં કરાઈ હતી.

## પૂર્વ મુખ્યમંત્રી જયલલિતાને અન્ય સેલમાં લઈ જવાયા છે

બેંગલોર,તા. ૩

અપ્રમાણ સંપત્તિ કેસમાં અપરાધી ઠેરવીને ચાર વર્ષની સજા ફટકારવામાં આવ્યા બાદ અન્નાદ્રમુકના નેતા જયલતિતાને જેલમાં લઈ જવામાં આવ્યા હતા. જયલલિતાને હવે અન્ય સેલમાં ખસેડી દેવામાં આવ્યા છે. પ્રાપ્ત અહેવાલ મુજબ જયાને મહિલા સેલના પ્રથમ માળે લઈ જવામાં આવ્યા છે. કે-ટીવી, સન ટીવી અને જયા ટીવી સહિતચ વિવિધ તમિળ ચેનલોની સુવિધા તેમના માટે કરવામાં આવી છે. તેમને ભોજનમાં પણ થોડીક રાત આપવામાં ાવી છે. ગુરૂવારના દિવસે તેમને બ્રેડ અને મિલ્કની સુવિધા આપવામાં આવી



હતી. છેલ્લા થોડાક દિવસની જેમ જયલલિતા મોટા ભાગે શાંત રહ્યા છે. જો કે વિજિટ પર આવતા તબીબો સાથે જયાએ વાત કરી છે. ટીવી ચેનલો નિહાળવામાં જ તેઓ વ્યસ્ત રહ્યા છે. જયાએ સેલ બદલી દેવાની વિનંતિ કરી હતી. તેમણે એકલા રહેવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. સુત્રોએ કહ્યું હતું કે તેમની વિનંતિ બાદ તેમને મહિલા બેરેકના પ્રથમ માળે સિંગલ રૂમમાં લઈ જવામાં આવ્યા છે. સુત્રોએ કહ્યું છે કે અમ્માને જેલની બહારથી ભોજનની વ્યવસ્થા કરવામાં આવી છે. જેલના વસ્ત્રો પહેરવાનો જયાએ હજુ ઈન્કાર કર્યો છે. બીજી બાજુ જયાના સમર્થકોએ કોઈમ્બુતરમાં અપ્રમાણ સંપત્તિ કેસના સંબંધમાં જોરદાર દેખાવો જારી રાખ્યા હતા. મોર્નિંગ બ્રેક પાસ્ટ સહિત જેલના નિયમિય ભોજનને લેવાનો જયા ઈન્કાર કરી રહ્યા છે.

તેઓ લેમન રાઈસ અને ફ્રુટ પર છે. જયાને એર કુલરની વ્યવસ્થા કરવામાં આવી છે સાથે સાથે તમિળ મેગેઝીન નિયમિત રીતે આપવામાં આવી રહ્યા છે. સુરક્ષાના કારણોસર જયા હવે મોર્નિંગ અને ઈવનિંગ વોકિંગને ટાવી રહ્યા છે. જયાને મળવાની ઈચ્છા કેટલાક સમર્થકો દ્વારા કરવામાં આવી હતી. તમિળનાડુમાં હજુ પણ જયાના સમર્થકો હિંસક દેખાવ કરી રહ્યા છે.

## વાર્ષિક હજ યાત્રા શરૂ : ૨૦ લાખથી વધુ શ્રદ્ધાળુ પહોંચશે

મીના ,તા. ૩

વાર્ષિક હજ યાત્રા પંરપરાગતરીતે શરૂ થઈ ગઈ છે. હજના પ્રથમ તબક્કાની શરૂઆત થયા બાદ ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ભારતીય મુસ્લિમો સહિત સફેદ વસ્ત્રોમાં દુનિયાભરના લાખો મુસ્લિમ લબ્બેક અલ્લાહુમ્મા બોલતા સાઉદી અરબના મીના ખાતે પહોંચવા લાગી ગયા છે. આ વર્ષે ૨૦ લાખથી વધુ લોકો હજની યાત્રા કરનાર છે. આમાંથી કેટલાક હજ યાત્રી બુધવારની રાત્રે ઈશાની નમાજ અદા કર્યા બાદ મીના તરફ રવાના થઈ ગયા હતા. જ્યારે અન્ય કેટલાક ગુરૂવારે પણ પહોંચ્યા હતા. મીના પહોંચી ગયેલા જુથમાં આશરે ૧૩૬૦૦૦ ભારતીયો પણ છે. આ ઉપરાંત જુથમાં પાકિસ્તાન અને બાંગ્લાદેશી નાગરિકો સામેલ છે. જ્યારે જુથમાં સામેલ હજ યાક્ષી પવિત્ર શહેર મક્કાથી મીના માટે રવાના થયા ત્યારે લબ્બેક અલ્લાહુમ્મા લબ્બેક અને અલ્લાહ હો અકબરના અવાજો સાંભળવા મળ્યા હતા. મોટા ભાગના હજ યાત્રી મક્કાથી મીના સુધીની યાત્રા બસ દ્વારા કરી રહ્યા છે. જેની વ્યવસ્થા તેમના માટે સંબંધિત હજ મિશન અને સાઉદી સરકાર દ્વારા કરવામાં આવી છે. કેટલાક ચાલતા પણ પહોંચ્યા હતા. અડધી રાત્ર સુધી મીનામાં હજ યાત્રીઓ ભરચક થઈ ગયા હતા. હજ યાત્રી પોતાની જગ્યાએ પર બેસી ગયા બાદ ખુશી વહેચતા નજરે પડ્યા હતા. વાણિજ્ય દુત બીએસ મુબારકે કહ્યું હતું કે મીનામાં તમામ ભારતીય શિબિરનુ નિરીક્ષણ કરવામાં આવી ચુક્યું છે. તેમા તમામ વ્યવસ્થા યોગ્ય નજરે પડી છે. મીના રવાના થતા પહેલા તમામ ભારતીય હજ યાત્રીને આપવામાં આવેલા સંદેશમાં કહેવામાં આવ્યું છે કે ધીરજ રાખવાની જરૂર છે. મીનાને હજ યાત્રાના પ્રથમ તબક્કા તરીકે ગણવામાં આવે છે. જ્યારે યાત્રી મીના રવાના થઈ રહ્યા હતા ત્યારે ભાવુક અને ઉત્સુક હતા. હજયાત્રી અહી દિન રાત નમાજ અદા કરશે.

## સમાચાર ઝલક

- આઈ.એસ.આઈ.એસ. સંગઠન સામે વિદેશી લશ્કર હવે ટકરાશે.
- રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ દ્વારા દેશમાં આગવી શૈલીથી વિજયા દશમીની કરાયેલ ઉજવણી.
- સફાઈ અભિયાનમાં ફિલ્મી જગતના સલમાન ખાન - કમલ હસન જોડાયા.
- દહેગામમાં મોબાઈલ ચોર ૩૦૧ મોબાઈલ સાથે ઝડપાયો. જે પાકિસ્તાની છે.
- વિશ્વના શેર બજારમાં ભારે કડાકો બોલ્યો.
- ગુજરાતના દરિયાકિનારે ૨૦થી વધુ માછીમારોનું અપહરણ કરતું પાકિસ્તાન-ત્રીજો બનાવ નોંધાયો.
- ધોરાજી તાલુકાના મોટી ભરાડ ગામમાં દરેક ઘર શૌચાલયની સગવડ ધરાવે છે.
- સફાઈ કામદારોનું સરેરાશ આયુષ્ય ૬૦ વર્ષ હોય છે.
- સોમવારથી મક્કાની હજયાત્રાની શરૂઆત થશે.
- લેખક ચેતન ભગતનું ‘હાફ ગર્લફ્રેન્ડ’ પુસ્તક વિતરણ માટે બજારમાં મુકાયું.
- વોટસએપને પડકારશે ગુગલ. ટુંક સમયમાં અમલમાં આવશે.
- અલીગઢમાં ગોદામમાં ભીષણ આગ લાગી લાખોનો માલ ભસ્મીભૂત.
- હોંગકોંગમાં જનતાના દેખાવોથી પરિસ્થિતિ ગંભીર-પોલીસ સચેત.

## દિલ્હીના સુભાષ મેદાન પર રાવણ દહનનો કાર્યક્રમ થયો

નવીદિલ્હી, તા.૩

દિલ્હીના ઐતિહાસિક સુભાષ મેદાનમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી, રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજી, ઉપરાષ્ટ્રપતિ હમીદ અન્સારી, કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધી, પૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહની ઉપસ્થિતિમાં આજે રાવણ દહનના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. દિલ્હીના સુભાષ મેદાનથી રાષ્ટ્રપતિએ દેશના લોકોને વિકાસમાં યોગદાન આપવા આગળ આવવા અપીલ કરી હતી. તમામ વરિષ્ઠ નેતાઓ પહેલાથી જ પહોંચી ગયા હતા. પરંપરાગતરીતે દિપ પ્રગટાવીને કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. આશરે ૬.૧૫ વાગ્યાની આસપાસ રાવણના પૂતળા દહનનો કાર્યક્રમ કરવામાં આવ્યો હતો. રાવણની સાથે મેઘનાથ અને કુંભકરણના પુતળાના પણ દહન કરવામાં આવ્યા હતા. વિજ્યાદશમી પ્રસંગની દેશભરમાં ઉજવણી કરવામાં આવી હતી. લોકો જુદા જુદા કાર્યક્રમોમાં ભાગ લીધા બાદ આજે સુભાષ મેદાન ખાતે ઉપસ્થિત રહ્યા હતા. સોનિયા ગાંધી, મનમોહનસિંહની ઉપસ્થિતિ તમામનું ધ્યાન ખેંચી રહી હતી. દિલ્હીના રામલીલા મેદાનમાં રાહુલ ગાંધી પણ ઉપસ્થિત રહ્યા હતા. દેશના જુદા જુદા ભાગોમાં રાવણ દહનના કાર્યક્રમો યોજાયા હતા. મંચ ઉપર પૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહનું સમ્માન કરવામાં આવ્યું હતું. તમામ ટોચની હસ્તીઓ આ કાર્યક્રમમાં હોવાના કારણે અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. રામ લક્ષ્મણના સ્વરુપોનું પૂજન કરવામાં આવ્યું હતું. કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીએ પણ દિપ પ્રગટાવીને આનું ઉદ્‌ઘાટન કર્યું હતું.

## ભારતીય બોક્સર સરિતા દેવીએ અંતે માંગેલી માફી

ઈંચન,તા. ૩

બોક્સર લેસરામ સરિતા દેવીએ ઈન્ટરનેશનલ બોક્સિંગ એસોસિએશનને પત્ર લખીને તેના વર્તન બદલ માંફી માંગી લીધી છે. એશિયાડ મેડલને અસ્વીકાર કરી દેવા બદલ સરિતા દેવીએ માફી માંગી છે. સેમીફાઈનલમાં હાર બાદ સરિતા દેવીએ નારાજગી વ્યક્ત કરી હતી. ઈંચનમાં મેડલ સમારંભના એક દિવસ બદા સરિતા દેવીએ એઆઈબીએના પ્રમુખ ચિંગ કુઓ વુને પત્ર લખીને ભાવનાશીલ રીતે નારાજગી વ્યક્ત કરવા બદલ માંગી માંગી હતી. ભવિષ્યમાં આવુ વર્તન ક્યારેય કરશે નહી. તે પોતાના વલણ બદલ નાખુશ છે. ઈંચનમાં ભારતીય પ્રતિનિધીમંડળના વડા દ્વારા આ પત્ર સોંપવામાં આવ્યો હતો.

**૬૦ હજારથી વધુની આ વર્ષે ભરતી કરાશે**

## ફલીપકાર્ટ સહિત ઈ-ટેલર્સ મોટાપાયે ભરતીના મૂડમાં

નવી દિલ્હી,તા. ૩

ફલીપકાર્ટ જેવી ભારતની ઈ-કોમર્સ કંપનીઓ આગામી દિવસોમાં મોટાપાયે ભરતી હાથ ધરનાર છે. આ વર્ષમાં ફલીપકાર્ટ, સ્નેપડીલ, જેબોંગ અને અન્ય ઈ-ટેલર્સ ૬૦ હજાર લોકોની ભરતી કરે તેવી શકયતા દેખાઈ રહી છે. ભરતીનો આંકડો એક લાખ સુધી પહોંચી શકે છે. પરંતુ ૬૦ હજારનો આંકડો નિશ્ચિત દેખાઈ રહ્યો છે. ભારતમાં મોટાપાયે રોજગારીની તકો પણ આના લીધે સર્જાઈ રહી છે.

૧૨ અબજ ડોલરનું વેચાણને નિહાળનાર આ ઈન્ડસ્ટ્રીમાં કદ ૨૦૨૦ સુધી ૭૫ અબજ ડોલર સુધી પહોંચી શકે છે. વધુ વિકાસ માટે આ કંપનીઓ પહેલાથી જ એન્જિનિયરિંગ ટીમ, કસ્ટમર એજન્ટ અને અન્ય સપોર્ટ સ્ટાફની ભરતી કરી રહી છે. એમેઝોન અને મંત્ર જેવી કંપનીઓ સામે પણ સ્પર્ધા થઈ રહી છે. ફલીપકાર્ટ, સ્નેપડીલ જેવી જાણીતી કંપનીઓ આગળ આવી રહી છે. ડિસેમ્બર ૨૦૧૪ સુધી આ કંપનીઓ મોટાપાયે ભરતી કરવા આગળ આવનાર છે. ફલીપકાર્ટમાં ૧૨ હજારની ભરતી કરવામાં આવે તેવી સંભાવના છે. જ્યારે સ્નેપડીલમાં ૧૩૦૦, જેબોંગમાં ૭૫૦, ઝોમાટોમાં ૬૫૦ની ભરતી થઈ શકે છે. એમેઝોન આક્રમક ગ્રોથ યોજના ધરાવે છે.